પીળો રંગ ક્વચિત્ આંખોને અળખામણો લાગે છે. પણ સોનેરુનો પીળો રંગ આંખમાં એક મુલાયમ સ્પર્શ આંજે છે. પીળો રંગ આટલો સુંદર બીજે ક્યાંય દીપતો જોયો નથી. સોનેરુના ફૂલ એટલે એક-બે ફૂલો નહી , ફૂલોનાં આખાં ઝુમ્મરો !

# પ્રતીક્ષા પીળાં પુષ્પોની

ચૈત્ર માસ શરૂ થયો છે. એક પ્રતીક્ષાનો ભાવ મનને બેચેન કરે છે. કોની પ્રતીક્ષા છે, શાની પ્રતીક્ષા છે, ખબર પડતી નથી પણ ખાલીપાના અનુભવથી મન હિજરાય છે.વસંતઋતુ કહેવાય. અલબત્ત , દક્ષિણનો પવન તો વહેતો નથી,પણ પવનમાં વાસંતી સ્પર્શ છે.પવનની સાથે હજી વૃક્ષોપરથી ખરખર કરતાં પાંદડા ખર્યે જાય છે. ક્યાંક નવી કૂંપળો ફૂટે છે, પણ ક્યાંક પાનખરમાં નગ્ન બનેલા તરુવરો સતત ત્રણ વર્ષની અનાવૃષ્ટિને લીધે હવે ઊભાં ને ઊભાં સૂકાંભટ બની ગયાં છે. એમને હવે આ પવનનો સ્પર્શ રોમાંચિત કરતો નથી. યુનિવર્સિટી માર્ગ પર નયનરંજક સ્પર્શમૃદુ-કર્ણિકાર પુષ્પોની પીળી ઝુમ્મરો આ વર્ષે લટકવાની નથી. એ બધા વૃક્ષોની ત્વચાને વૃક્ષદસ્યુઓએ તીક્ષ્ણ ઓજારોથી ઉખેડી નાખી છે. એ ઊભાં ઊભાં સુકાય છે. સુકાઇ જશે. યુનિવર્સિટી નો કે મ્યુનિસિપાલિટીનો એસ્ટેટ વિભાગ થોડા દિવસ પછી એને કપાવીને કકડા કરશે અને એમને લારીઓમાં ભરીને લઇ જવાશે. જ્યાં લીલું વૃક્ષ હતું ત્યાં ખાલીપો ફરકી રહેશે.

આમ જ થોડા દિવસ પહેલાં બપોરની સ્તબ્ધતામાં ટચકાનો અવાજ સંભળાયો. કુહાડાના ટચકા હતા, ભાષા સાહિત્યભવનના મારા ઓરડામાં પુસ્તકો વચ્ચે હું બેઠો હતો. વ્યાકુળ બની ઊભા થઇ બારી બહાર નજર કરી, જે વૃક્ષની ડાળીઓ લંબાઇ મને છેક અંદર સુધી અભિવાદન કરવા આવતી હતી, તેમાંથી કેટલાંક સુકાઇ ગયા છે. છતાં એ આકાર ધરી ઊભાં હતાં વૃક્ષત્વનો.

કુહાડી, કરવત અને નક્કી કરલા સ્થળે પાડવા માટેની રસ્સી અને કેટલાક માણસો. શું કહી શકાય ? સામસામા ઊભીને બે કઠિયારા લયબદ્ધ રીતે થડની નીચે કુહાડાના ટચકા મારતા હતા. ટચકે ટોચ સુધી વૃક્ષપિંજર કંપી ઊઠતું હતું. થોડી વારમા એક વેળા પવનમાં ઝૂમતું એ ઊંચું યુકેલિપ્ટસ એક બાજુએ નમ્યું અને ધીમે ધીમે નિર્જીવ ઢળી પડ્યું.

પછી કરવતના વારો હતો.થોડી વારમાં એના કકડા થઇ ગયા, અને ઊંટલારીમાં એ ગોઠવાઇ ગયું. ત્યાંબીજું વૃક્ષ ટચકા ઝીલતું કંપવા લાગ્યું એ પણ યુકેલિપ્ટસ. એ જ્યારે બાલાપાદપ હતું ત્યારે એના હસ્તપ્રાપ્ય સ્તબકમાંથી બેત્રણ લીલાં પર્ણ હથેળીમાં મસળી એની સુંગધથી નાકને ભરી દીધું હતું. એકવાર



તેની નીચે ઊભાં ઊભાં મિત્ર સાથે વાતો કરતાં એની આછી સફેદ ત્વચા પર પરસ્પર નાના આદ્યાક્ષરો ઉકેર્યા હતા, થોડા દિવસ પછી વૃક્ષનાં રસથી ભરાઇ એકદમ ઉપર તરી આવ્યાહતા.જાણે એમાં ઊગ્યા ન હોય !પણ ઉકેરતી વખતે ત્વચામાંથી ફૂટેલા એ ટશિયા જોઇ વ્યથા થયેલી.

પછી તો ઊંચે ને ઊંચે વધતું ગયેલું એ તરુ પવનમાં ઝૂમતું અને આમૂલશિખા પવનના સ્પર્શનો રોમાંચ અનુભવતું લાગતું. ક્યારનુંય એ સુકાઇ રહ્યું હતું, 'પાણીપાણી' કરતું. નજર સામે સુકાઇ ગયું ,હવે કપાઇ રહ્યું છે. ટચકા પડે છે અને ટચકે ટચકે મારી છાતીમાં થડક્ થડક્ થાય છે.

હું કાલિદાસને યાદ કરું છું. એની શકુંતલાને યાદ કરું છું. પરથમ પહેલા વૃક્ષોને પાણી પાયા વિના પોતે જે પાણી નહોતી પીતી એ શકુંતલા. પણ ચામડી છોલાયેલાં આ કર્ણિકાર જોઇને વૃષભધ્વજ શિવ અને સ્કંદની માતા પાર્વતીને યાદ કરું છું.

કર્ણિકાર તો સંસ્કૃત નામ. આદિકવિએ વિરહી રામને મુખે પંપા સરોવરનું વર્ણન કરવતાં ફૂલોથી ખચેલી કર્ણિકારની લાંબી ડાળીની વાત કરી છે. મૂળે કદાચ અસમ બાજુંનું ઝાડ છે. ત્યાં એનું નામ સોનેરુ. એ લોકો બોલશે હોનેરું. ગુજરાતી કવિઓમાં સૌ પ્રથમ કવિ હરિશ્રંદ્ર ભટ્ટે એની વાત કરી છે. એમણે તો પોતાના કાવ્યસંગ્રહનું નામ જ આપેલું 'કેસૂડો અને સોનેરુ'

નામ પ્રમાણે જ ગુણ છે. એનાં ફૂલોનો સોના જેવો રંગ છે. પણ જગતમાં યલો મેટલ-પીળી ધાતુનું જેટલું મહાત્મ્ય છે, પીળા રંગનું એટલું નથી. પીળો રંગ ક્વચિત્ આંખોને અળખામણો લાગે છે. પણ સોનેરુનો પીળો રંગ આંખમાં એક મુલાયમ સ્પર્શ આંજે છે. પીળો રંગ આટલો સુંદર બીજે ક્યાંય દીપતો જોયો નથી. સોનેરુના ફૂલ એટલે એક-બે ફૂલો નહી , ફૂલોનાં આખાં ઝુમ્મરો ! એક-બે ઝુમ્મરો નહી ,ડાળીએ ડાળીએ ઝુમ્મરો ! આખા સોનેરુ પર એક પણ પાંદડું નહી, માત્ર પીળા પુષ્પોનાં ઝુમ્મરો. એ ઝુમ્મેરોથી સોનેરુએ પોતાની નગ્નતા ઢાંકી દીધી હોય છે. મધ્યકાલીન કન્નડ કવયિત્રી મહાદેવી અક્કા નિર્વસન રહી પોતાના દીર્ઘકેશથી જ એમના અનુપમ દેહલાવણ્યને આવૃત રાખતાં. ચૈત્ર-વૈશાખમાં સોનેરુ ખીલે. એટલી પીળાશ કે એના થડમાં અને એની ડાળીએ પીત આભા ઝલકી રહે. યુનિવર્સિટીમાર્ગ પર આવા એક નહીં, હારબંધ સોનેરુ છે. એક બે પખવાડિયાના અંતરાલમાં થોડા દિવસ વહેલા મોડા ખીલી આખા માર્ગને શોભાવી દેતાં. સૌંદર્યના સ્વયંવરમાં ઊભેલા રાજવી જેમ એ ભાસે. પસંદગીની માળા કોને પહેરાવવી એની દ્વિધા થાય.

અનેક વાર ખીલેલા કર્ણિકાર એટલે કે, સોનેરુની નીચે ઊભા રહી એના થડિયે હાથ ફેરવી આવું રૂપ દર્શાવવા માટે કૃતજ્ઞભાવ વ્યક્ત કર્યો છે.ફૂલોની ત્યારે એક હળવી સુવાસ ચિત્તમાં વ્યાપી રહે. હિન્દીમાં એનું સરસ નામ છે અમલતાસ. અંગ્રેજી નાં લેબર્નમ. ગુજરાતી ગરમાળો નામમાં ગદ્યની પરુષતા છે. વેદકશાસ્ત્રમાં આવતા કોઇ ઝાડનું નામ પણ લાગે, એટલે અહીં તો કવિ હરિશ્રંદ્ર ભટ્ટે તો એનું પોતાની એક કવિતાનું નામ રાખ્યું લેબર્નમ. પણ બીજી કવિતામાં તો એના જ નામ નહીં, આખા સંગ્રહના નામ તરીકે (કેસૂડો અને) 'સોનેરુ' લીધું.

એ કવિએ કેસૂડાને નંદકુંવર રૂપે લીધો છે, સોનેરુને પીતાંબર પાર્થસારથિ રૂપે.

પરંતુ આવર્ષે કર્ણિકાર નહીં ખીલે યુનિવર્સિટી માર્ગની બન્ને બાજુએ કર્ણિકારની ચામડી છોલી નાખવાંમા આવી છે. છાલ શબ્દ વાપરવાનું મન થતું નથી. સુકાતાં ગયાં છે, સુકાતા જાય છે. અને હા આ જોઇને શિવ-પાર્વતીનું સ્મરણ થાય છે. શિવ પાર્વતીનાં તો અનેક રૂપ છે,સ્વયં કાલિદાસે અનેક રૂપ વર્ણવ્યાં છે આ દંપતીનાં. આખું 'કુમારસંભવ'એમનું કાવ્ય છે. પણ 'રઘુવંશ' માં વૃક્ષની ચામડી છોલવા સંદર્ભે એમનું જે એક રૂપ છે, તે છે વૃક્ષપ્રિય દંપતીનું. ■

(ભોળાભાઇ પટેલનાં 'તેષાં દિક્ષુ' નિબંધ સંગ્રહમાંથી સાભાર)